જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩/૪/૨૦૧૪ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૯૦૩/૧૪**

**વટવા પો.સ્ટે.**

આરોપી દિલિપ @ દિપો S/O ડાહ્યાભાઇ ચુનારા ઉ.વ ૫૦ રહે ખજુરી બસ સ્ટેન્ડ પાસે ભારત ગેસ એજન્સી પાછળ નારોલ વટવા અમદાવાદ નાનો વટવા પોલીસ સ્ટેશનમાં મિલ્કત સંબધી ગુનામાં પકડાયેલ જેમાં સદરી આરોપીને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પી.સી.બી./ડી.ટી.એન./પાસા/૩૧૫/૧૪ તા.૦૨/૦૪/૧૪ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૦૨.૦૪.૨૦૧૪ નારોજ હુકમની બજવણી કરી પાલનપુર જીલ્લા જેલ ખાતે પાસા મોકલી આપેલ છે

**ક્રાઇમ બ્રાન્ચ,**

પોલીસ ઇન્સ. શ્રી બી.પી રોજીયા સાહેબનાં સ્કોડાના માણસો પેટ્રોલીગમાં હતાં. આ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે ચાંદખેડા શિવ શકિતનગર BRTS બસ સ્ટેન્ડ સામે રોડ પરથી જાહેરમાં આરોપી (૧) મહમદઆરીફ એહમદહુસેન શેખ ઉ.વ.૪૮ રહે, ઘર નં.૩૪/એ, શુકુન સોસાયટી એવન સ્કુલ પાસે જુહાપુરા અમદાવાદ(૨) ઇકબાલ હુસેન ઇદમહમદ શેખ ઉ.વ.૫૦ રહે,ઘરનં.૨૬૩૨, સુલતાન મહોલ્લો ચંદન તલાવડી, દરીયાપુર અમદાવાદ નાઓ પોતાના કબજાની ટોયોટા કેમરી ગાડી નં. GJ-1-HF-3781 માં વગર પાસ પરમીટે જુદી જુદી બ્રાન્ડનો ગેર કાયદેસર ઇગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ-૯૮૪ ની કુલ્લે કિ.રૂ.૧,૩૪,૪૦૦/- બીયરનાં ટીન નંગ-૨૪ ની કુલ્લે કિ.રૂ.૨૪૦૦/- તથા ટોયોટા કેમરી ગાડીની કિ.રૂ.૨,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નં.૨ કિ.રૂ.૨,૦૦૦/- તથા અંગ જડતીનાં નાણા રૂ.૫૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૩,૩૯,૩૦૦/-નો મુદામાલ સાથે મળી આવતાં તા.૦૨/૦૪/૨૦૧૪ ના કલાક ૦૯/૩૦ વાગે પકડી અટક કરવામાં આવેલ. અને ડી.સી.બી. પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૦૧૪/૨૦૧૪ પ્રોહીબીશન એક્ટ કલમઃ-૬૬(૧)બી, ૬૫એ-ઇ, ૧૧૬બી, ૮૧ મુજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.